ગંદકી અટકાવવા ભગવાનને ચોકીદાર બનાવ્યા

ગાંધીનગર, તા. ૬

રાજ્યના હરિયાળા અને સ્વચ્છ પાટનગરમાં નગરજનો સ્વચ્છતા જાળવવામાં એટલા તે બેદરકાર બન્યા છે કે કેટલીક જગ્યાએ જાહેરમાં ફેલાવાતી ગંદકી અટકાવવા ખુદ ભગવાનને જ ચોકીદાર બનાવાયા છે. કેટલાક વેપારીઓ દ્વારા તેમના ધંધા રોજગારના સ્થળની આસપાસ લોકો પેશાબ ન કરી જાય તે માટે દેવી દેવતાઓના ફોટા મુકવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સમગ્ર રાજ્યમાં સ્વચ્છ અને હરિયાળા શહેર તરીકે ગાંધીનગરને ઓળખવામાં આવે છે. અન્ય શહેરમાંથી આવતા મુલાકાતીઓ આ હરિયાળી અને સ્વચ્છતા જોઈ અભિભૂત થાય છે. ત્યારે ગાંધીનગરના ઘણા વિસ્તારોમાં જાહેર સ્થળો પર થતી ગંદકીના ઢગલાએ સ્વચ્છ નગરની છબીમાં દાગ સમાન બન્યા છે. તો બીજી બાજુ શહેરના વાણિજ્ય વિસ્તારોની આસપાસ સ્થાનિક નગરજનો જાહેર સ્થળો, દુકાનોની આસપાસના વિસ્તારમાં પેશાબ કરી ગંદકી થતી અટકાવવા હવે વેપારીઓએ નવો કિમીયો અપનાવ્યો છે. જે ભગવાનને આપણે છે પોતાના ઘરમાં પવિત્ર મંદિરમાં સ્થાન આપી રોજ સવાર સાંજ પૂજા અર્ચના કરીએ છીએ તેજ ભગવાનનો ઉપયોગ કેટલાક વેપારીઓએ ગંદકી રોકવા માટે કર્યો છે. આવો જ એક કિસ્સો ગાંધીનગર શહેરમાં સેક્ટર-૬ના વાણિજ્ય વિસ્તારમાં પ્રકાશમાં આવ્યો છે. શહેરના સેક્ટર-૬માં આવેલ અપનાબજાર પાસે રોજ સવાર સાંજ અસંખ્ય લોકો અવરજવર કરે છે અને દુકાનની દિવાલ પાસે જ જાહેરમાં પેશાબ કરી ગંદકી ફેલાવે છે. જેથી આસપાસની દુકાનના વેપારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. પરંતુ આ સંદર્ભે કોને કહેવા જાય તે પ્રશ્ન પણ વેપારીઓમાં થતો હતો. આથી વેપારીઓએ આ પ્રકારની થતી ગંદકી રોકવા અપનાબજાર બિલ્ડીંગની ફરતા રીતસરના ગંદા ઉકરડામાં દેવી દેવતાઓના અસંખ્ય ફોટા મુકી દીધા છે અને નાની દેરી બનાવી દીધી છે. પરંતુ આ તરફ કોઈ વેપારીઓએ ફોટા કે દેરી તરફ જોવા જવાની દરકાર પણ લેતુ નથી. આથી એ સાબિત થાય છે માનવી પોતાના સ્વાર્થ માટે શુ ન કરે...

દુપટ્ટાથી એકબીજાના હાથ બાંધી પ્રેમી પંખીડાએ રાયપુર કેનાલમાં પડતું મૂક્યું

રાયપુર ગામના યુવક-યુવતીએ પ્રેમ સંબંધ લગ્નમાં પરિણમી ન શકતા અંતિમ પગલું ભર્યું

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક આવેલા રાયપુર ગામમાં રહેતા યુવક અને યુવતીનો ેમ લગ્ન સંબંધમાં પરિણમી ન શકતા કંટાળીને ગઈ કાલે સાંજે બંને ગામમાંથી ભાગી ગયા હતા. બંનેના પરિવારજનોએ રાતભર શોધખોળ કરી પરંતુ તેમના સગડ મળ્યા ન હતા. દરમ્યાન આજે સવારે રાયપુર નર્મદા કેનાલ બહારથી બંનેના ચંપલ અને મોબાઈલો મળી મળી આવ્યા હતા. ત્યાર બાદ દુપટ્ટાથી એકબીજાના હાથ બાંધેલી હાલતમાં રાયપુર સાયફન માંથી બંનેનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. લગ્ન શક્ય ન લગતા કંટાળીને ેમી યુગલે કેનાલમાં ઝંપલાવી જીવનલીલા સંકેલી નાંખી હતી. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને મૃતદેહો પોસ્ટ મોર્ટમ માટે મોકલી વધુ તપાસ શરુ કરી છે. બીજી તરફ બંનેનું પરિવાર શોકમગ્ન બની ગયું છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર પાસે આવેલા રાયપુર ગામમાં રહેતો ૧૯ વર્ષીય સુરેશ સુરસંગભાઈ ડાભી અને ગામમાં જ રહેતી ૧૮ વર્ષીય કિંજલ મનુજી ડાભી બંને એકબીજાના ેમમાં હતા. ઘણા સમયથી બંને વચ્ચે ેમ સંબંધ હતો. પરંતુ એકજ ગામના અને એક જ જ્ઞાતિના યુવક-યુવતી વચ્ચે લગ્ન માટે બંનેના પરિવાર રાજી ન હોવાથી લગ્ન રાજીખુશીથી થઇ શકે તેમ ન હતા. સાથે જીવન-મરણના કોલ આપી ચુકેલા ેમી પંખીડાઓએ ગઈ કાલે સાંજે પોતાના ઘર છોડી દીધા હતા. રાતભર બંનેના પરિવારજનો એ શોધખોળ કરી પરંતુ કોઈના સગડ મળ્યા ન હતા. આજે સવારે રાયપુર નર્મદા કેનાલ પાસે તે બંનેના ચંપલ અને મોબાઈલ મળી આવતા કેનાલમાં તપાસ કરી હતી. દરમ્યાન દુપટ્ટાથી એકબીજાના હાથ બાંધેલી હાલતમાં બંનેના મૃતદેહ કેનાલ સાયફનના પાણી માંથી મળી આવ્યા હતા. ેમીપંખીડાઓએ કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. ડભોડા પોલીસ મથકના એ.એસ.આઈ વનરાજસિંહ એ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.



વર્ષ દરમિયાન મરી, મસાલા અને ઘઉં ભરવાની સીઝન ઠેર ઠેર જોવા મળી રહી છે. આજના ઝડપી યુગમાં તૈયાર ઘઉંનો લોટ મળે છે છતાં બહેનો ઘઉં ઘરે લાવી-સાફ કરી ભરી રાખે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

અપહ્યુત યુવાનની સાચી હકીકત જાણવા સેક્ટર-૨૧ પોલીસ સોમનાથ રવાના

અલ્પેશ સાચે જ ફરવા ગયો હતો કે આરોપીના દબાણવશ થઈને ખોટી એફિડેવિટ કરી છે તેની પણ તપાસ થશે

ગાંધીનગર, તા. ૬

શહેરમાં ચર્ચાસ્પદ બનેલ રૂ. ૨.૭૦ કરોડની લેતીદેતીમાં ગઈકાલે અપહ્યુત યુવાન અચાનક પોલીસ સમક્ષ હાજર થતા એકતા કપુરની શ્રેણીની જેમ નાટકીય વળાંક આવ્યો છે. આ ઘટનાની ગંભીર તપાસ કરવા માટે સે-૨૧ પોલીસ આજે સોમનાથ માટે રવાના થઈ છે.

સે. ૨૨ પંચદેવ મંદિર આગળથી ૧૯ દિવસ પહેલા પાલજમાં રહેતા ૩૦ વર્ષિય યુવાન અલ્પેશ રણછોડભાઈ વાળંદનું રૂ. ૨.૭૦ કરોડની લેવડદેવડમાં અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણમાં શહેરના બે શખ્સો પ્રમુખ પટેલ અને દર્પણ ધોળકીયાની પોલીસે ધરપકડ કરી જેલ હવાલે પણ કર્યા છે.

ત્યારે ગઈકાલે બપોરે અલ્પેશ વાળંદ અચાનક એફિડેવિટ સાથે કોર્ટમાં હાજર થયો હતો. તેથી આ ઘટનામાં અચાનક ટેલિવુડની સિરિયલની જેમ વળાંક આવ્યો છે. પોલીસ દ્વારા અલ્પેશની પુછપરછ કરતા અલ્પેશે પોલીસને પોતે ડિપ્રેશનમાં હોવાથી સોમનાથ ભાગી ગયો હતો તેવુ નિવેદન આપ્યું છે. તેથી સેક્ટર-૨૧ પોલીસે કેસની ગંભીરતા સમજી અલ્પેશ વાળંદ સાચુ બોલે છે કે ખોટુ તેમજ અલ્પેશ દ્વારા કરવામાં આવેલ એફિડેવિટ અપહરણ કરનાર બન્ને શખ્સો પ્રમુખ પટેલ અને દર્પણ ધોળકીયાના દબાણવશ થઈને તો નથી આપવામાં આવ્યું ને તે જાણવા માટે પોલીસની ટીમ આજે સોમનાથ ખાતે રવાના થઈ છે.

ચંદનની હેરાફેરીમાં બોગસ બીલ્ટી બનાવનાર આંધ્રના બે શખ્સોની ધરપકડ

એક કંપનીના બે સંચાલકોએ કેમિકલની બોગસ બીલ્ટી બનાવી આપી હતી : મુખ્ય સૂત્રધાર ક્રિષ્ના રેડ્ડી હજુ ફરાર : દરેક ફેરામાં ડ્રાઈવરો બદલી નાંખતા હતા

ગાંધીનગર, તા. ૬

ચંદનના જથ્થા સાથે આંધ્ર-દેશથી દિલ્હી તરફ લઇ જવાઈ રહેલી ટ્રક ગાંધીનગર આર.આર.સેલની ટીમે ગાંધીનગર જીલ્લાના ડભોડા નજીકના જેઠીપુરા ગામ પાસે રોડ પર વોચ ગોઠવીને ઝડપી પાડી રૂ.૧.૪૯ કરોડ ના મુદ્દામાલ સાથે ૩ શખ્સો ની ધરપકડ કરી હતી. રેકેટના મૂળ સુધી પહોચવા પોલીસે તપાસ શરુ કરી પોલીસ ની એક ટીમ એક આરોપીને સાથે રાખીને આંધ્ર-દેશ તપાસ માટે નીકળી હતી આ ટીમ ખાલી હાથે પરત ફરી હતી. આ હેરાફેરી માટે વપરાયેલી કેમિકલની બોગસ બીલ્ટી બનાવી આપનાર આંધ્રની એક કંપનીના બે સંચાલકોની આજે આર.આર.સેલે ધરપકડ કરી રીમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે. મુખ્ય સુત્રધાર ક્રિંા રેડ્ડી પણ હજુ ફરાર છે.

ડભોડા પાસે જેઠીપુરા ગામે વોચ પર ગોઠવાઈ જઈ આર.આર સેલ ની ટીમે તમિલનાડુ પાસિંગની ચંદન ભરેલી ટ્રક પકડી પાડી હતી.પોલીસે ચેન્નાઈ ના આમીર અલી મહમદ યુસુફ મુસ્લિમ તથા એસ.કે પાલ પાંડિયન કુલાન્ડાઈ પાંડિયન અને તમિલનાડુ ના એન.સીનુંવાસન નાતેસન મળીને ૩ શખ્સોની ૬ મોબાઈલ , ૧૦ હજાર રોકડા તથા ૧૫ લાખ નો ટ્રક અને ૧૧,૧૯૫ કિલો રક્ત ચંદન મળીને કુલ રૂ.૧,૪૯,૬૪,૫૦૦ ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. પૂછતાછ માં આંધ્ર-દેશના ક્રિંા રેડ્ડી નામના શખ્સે તેમને દિલ્હી માલ લઇ જઈને ફોન કરવા જણાવ્યું હોવાનું બહાર આવતા તે દિશામાં તપાસ શરુ કરી હતી. એક પી.એસ.આઈ. એ કે.ભરવાડ તથા છ માણસો સહિતની ટીમ તપાસ માટે આંધ્ર-દેશ રવાના થઈ હતી. આંધ્ર ની-દેશિક ભાષા જાણતા એક કોન્સ્ટેબલ ને પણ સાથે લઈ જવાયો હતો. મુખ્ય સુત્રધાર ક્રિંા રેડ્ડી પકડાય તો આંતર રાષ્ટ્રીય રેકેટ બહાર આવે તેવી હતી પરંતુ તે તેના ઘરે મળી ન આવતા પોલીસને ધક્કો પડ્યો હતો. દરમ્યાન આજે આ હેરાફેરી માટે કેમિકલની બોગસ બીલ્ટી બનાવનાર આંધ્રની કંપની જી.વી.એસ મિનરલ્સ ઈન્ડિયા.-ા.લી ના બે સંચાલકો ની પોલીસે ધરપકડ કરી લીધી છે. શ્રીનાથકુમાર બાલારાજુ અંકાયા અને ચંદ્રશેખર ચન્દૈયા એરૈયા બંનેની ધરપકડ કરી રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. તેમણે અગાઉ આવી કેટલી બોગસ બીલ્ટી બનાવી આપી છે તેની પણ પૂછતાછ શરુ કરી છે. તપાસમાં ખુલ્યું છે કે દરેક ફેરામાં ડ્રાયવર બદલી નાંખવામાં આવતો હતો.

સે-૭માં આવેલ ડૉ. આંબેડકર કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓની સામૂહિક હડતાલ

ગાંધીનગર, તા.૬

રાજય સરકાર દ્વારા દલિત જાતિના બાળકો અભ્યાસ કરી ગરીબીમાંથી બહાર આવે તે માટે લાખ્ખો રૂપિયા ખર્ચવામાં આવે છે. ગાંધીનગરના સે-૭માં આવેલ ડૉ. બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલયમાં દિવા તળે અંધારા જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને પાયાની સુવિધા આપવામાં તંત્ર નિષ્ફળ નિવડયું છે. વિદ્યાર્થીઓને સુવિધા ન મળતા સામુહિક આંદોલન છેડવામાં આવ્યું છે. જયાં સુધી માંગ ન સંતોષાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

ગુજરાત સરકારે રાજયના છેવાડાના ગામડામાં રહેતો દલિત યુવાન શિક્ષણથી વંચિત ન રહે તે માટે સરકાર દ્વારા લાખ્ખો કરોડોનું આંધણ મુકવામાં દર વર્ષે આવે છે. ત્યારે ગાંધીનગરના સે-૭માં આવેલી ડૉ. બાબા સાહેબ કુમાર છાત્રાલયમાં તંત્ર પાયાની સુવિધા આપવામાં નિષ્ફળ નિવડયું છે.

છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને બિન આરોગ્ય પ્રદ ભોજન આપવામાં આવી રહ્યું છે. જે રોટલી કુતરા પણ ના ખાઈ શકે તેવી રોટલી ભોજનમાં આપવામાં આવે છે તેમજ છાત્રાલયના રસોડામાં સાફ સફાઈના અભાવે રસોડામાં ઉકરડાના ઢગ જોવા મળે છે. બળબળતા તાપમાં વિદ્યાર્થીઓને પીવાનું પાણી ઠંડુ પાણી તો ઠીક પણ ચોખ્ખા પાણીની વ્યવસ્થા કરવામાં પણ તંત્રની ઉદાસીનતા જોવા મળે છે.

વર્ષોથી પીવાના પાણીની મેઈન ટાંકીમાં સાફ સફાઈના અભાવે ટાંકીમાં મોટા મોટા પોરા અને જીવાત દેખાઈ રહ્યા છે. આ પાણી પીવાથી વિદ્યાર્થીઓને પાણી જન્ય રોગો થવાની સંભાવના પણ રહેલી છે. પાણી માટેના કુલરની વ્યવસ્થા કરવામાં આવી છે પણ આ કુલર શોભાના ગાંઠીયા સમાન બની રહ્યું છે.

ડૉ. આંબેડકર છાત્રાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નોટબુકો અને ચોપડાનું વિતરણ કરવામાં આવતું હોય છે. વિદ્યાર્થીઓએ અનેક વખત છાત્રાલયના વોર્ડનને લેખિત અને મૌખિક જણાવેલ છે કે અમને આપવામાં આવતા નોટબુકો અને ચોપડા ક્યારે મળશે ત્યારે વોર્ડન દ્વારા બાધાઓ આપવામાં આવતી હોય છે જેથી વિદ્યાર્થીઓને પોતાના ખિસ્સાના રૂપિયા ખર્ચવા પડતા હોય છે. ત્યારે સળગતો સવાલ એ પણ થાય છે કે જો ચોપડાના રૂપિયા વિદ્યાર્થીઓ ખર્ચે છે તો સરકાર દ્વારા આપવામાં આવતા રૂપિયા જાય છે ક્યાં?

છાત્રાલયના વિદ્યાર્થીઓએ છ મહિના પહેલા વોર્ડનને લેખિત ફરિયાદ કરી હતી છતાં તંત્રએ ઉદાસીનતા દાખવતા આજ રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર છાત્રાલયના વિદ્યાર્થીઓ તેમની સમસ્યાઓને લઈને સામૂહિક આંદોલન કરી રહ્યા છે ત્યારે આ આંદોલનના સમાચાર સમાજ કલ્યાણ ખાતાના અધિકારીઓને મળતા અધિકારીઓએ છાત્રાલય ખાતે આવીને વિદ્યાર્થીઓને મનાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ વિદ્યાર્થીઓએ જયાં સુધી સમસ્યાઓનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી કોઈ પણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહિ તેવી ચીમકી ઉચ્ચારી હતી.

એસ.ટી. ડેપો પાસે આવેલું એક માત્ર એટીએમ બે ત્રણ દિવસથી બંધ હોવાથી હાલાકી

એસ.ટી. ડેપો જેવા ધમધમતા વિસ્તારમાં વધુ એટીએમ નંખાય તેવી નાગરિકોમાં માંગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના એસ.ટી.ડેપો પાસેના વિસ્તારમાં એક માત્ર એટીએમ મશીન સે-૬ના એચ.પી. પેટ્રોલ પંપ પર આવેલ છે. છેલ્લા સતત બે ત્રણ દિવસથી આ એટીએમ મશીન અગમ્ય કારણોસર બંધ હોવાથી હજારો નાગરિકો જેમાં નોકરિયાતો થી લઈને વિદ્યાર્થી સુધીનાઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

દરરોજના હજારો નાગરિકો ગાંધીનગર એસટી ડેપોથી અમદાવાદ, કલોલ, વિજાપુર, દહેગામ અને સરખેજ જેવી જગ્યાએ અપડાઉન કરે છે. આ નાગરિકોમાં અનેક નોકરિયાતો, વેપારીઓ, મહિલા કર્મચારીઓ, નાના મોટા ધંધાર્થીઓ અને વિદ્યાર્થીઓનો પણ મોટી સંખ્યામાં સમાવેશ થાય છે. આજના મશીન યુગમાં મોટે ભાગે લોકો બેંકના એટીએમ મશીનનો છુટથી ઉપયોગ કરતા હોય છે. વળી, ગાંધીનગર એક સરકારી કર્મચારીઓનું નગર હોઈ મોટા ભાગના કર્મચારીઓ સ્ટેટ બેંકના ગ્રાહકો છે. ગાંધીનગરના એસ.ટી. ડેપો વિસ્તારમાં માત્ર એક જ એટીએમ મશીન આવેલું છે. જે સે-૬ના એચ.પી. પેટ્રોલ પંપ પર આવેલું છે. આ એટીએમ મશીન સતત છેલ્લા બે ત્રણ દિવસથી બંધ હોઈ હજારો નાગરિકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આ પેટ્રોલપંપની બાજુમાં જ શહેરની સીટીબસ સર્વિસ વીટકોસનું મુખ્ય સ્ટેન્ડ આવેલું હોઈ આ એટીએમનો બહોળો ઉપયોગ થાય છે. ત્યારે એટીએમ મશીન બંધ હોવાથી નાગરિકો પારાવાર મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ઘણા લોકો પેટ્રોલ પુરાવવા તેના વાહનો લઈ પેટ્રોલ પંપે એવું વિચારીને આવે કે એટીએમ મશીનમાંથી પૈસા ઉપાડીને પેટ્રોલ પુરાવીશ પણ એટીએમનું શટર બંધ જોઈ વિમાસણમાં પડી જાય છે. ખૂબ જ ટ્રાફિક અને ભારે અવરજવર વાળા વિસ્તારમાં માત્ર એક જ એટીએમ હોવાથી ઘણા નાગરિકો આ વિસ્તારમાં વધુ એટીએમ થાય તેવું ઈચ્છી રહ્યા છે.

(તસવીર : સમીર રામી)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮
સૂર્યાસ્ત : ૭.૦૪

તાપમાન

મહત્તમ : ૪૧.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૫ ટકા ● સાંજે ૨૪ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડરમેન-૨ (ડી-અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કહી હૈ મેરા પ્યાર : ૧૦.૦૦, ૭.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
પુરાની જીન્સ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૬.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૪૫
કયા દિલ્હી કયા લાહોર : ૮.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડર મેન-૨ ડી(હિન્દી) :
૧૦.૦૦,૧.૦૦,૪.૧૦,૭.૨૦,૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
સ્પાઈડરમેન-૨ ડી (હિન્દી) :
૯.૦૦,૧૨.૦૦,૩.૧૦,૬.૨૦,૯.૩૦
: સ્ક્રીન-૩ :
પુરાના જીન્સઃ ૯.૦૦, ૨.૪૫, ૮.૩૦
સ્પાઈડરમેન-૨ ૨ડી (હિન્દી) : ૧૧.૪૫, ૫.૩૦
: સ્ક્રીન-૪ :
૨ સ્ટેટસ્ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

આર વર્લ્ડ (અડાલજ)

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પુરાની જીન્સ : ૧૧.૦૦, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૨.૦૦, ૭.૩૦
૨ સ્ટેટ્સ : ૪.૧૫
: સ્ક્રીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
કહી હૈ મેરા પ્યાર : ૧૦.૦૦, ૪.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦
૨ સ્ટેટ્સ : ૭.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે.

વૃષભ : જળક્ષેત્રોની વિશેષ યાત્રાઓ થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા- પ્રવાસનું આયોજન થશે.

તુલા : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : આજે માનસિક ત્રાસદીથી બચવું.કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મીન : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. કાજલબેન નટુભાઈ ઠાકોર (ઉ.વ. ૦૫) મુ.પો. આમજા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. સુરેશભાઈ સુરસંઘજી ડાભી (ઉ.વ. ૧૯) મુ.પો. રાયપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કિંજલબેન મનુજી ડાભી (ઉ.વ. ૧૮) મુ.પો. રાયપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જયાબેન ચંદુલાલ પારેખ (ઉ.વ. ૯૦) પ્લોટ નં. ૯૭૧/૧, સેકટર-૭/સી, ગાંધીનગર.